# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2561 ❖ અષાઢ પૂર્ણિમા ❖ 27 જુલાઈ 2018 ❖ વર્ષ – 19 ❖ અંક – 04 ❖ સળંગ અંક - 220

## ધમ્મવાણી

जीरन्ति वे राजरथा सुचिता
अथो सरीरं पि जरं उपेति।
सतं च धम्मो न जरं उपेति।।

કાયા અસ્થિનું નગર છે. તેની આસપાસ માંસ અને રુધિર લીંપણ છે. એ નગરમાં જરા, મૃત્યુ, અભિમાન અને તિરસ્કાર ભર્યાં પડ્યાં છે.

-ધમ્મપદ

## સુખી-સુરક્ષિત-૨

- ગતાંક થી ચાલુ...

જેમ બધા શાસકો, તે જ રીતે કોશલનરેશ-મહારાજ પ્રસેનજિત પણ હંમેશાં પોતાની સુરક્ષા માટે ચિંતિત રહેતા હતા કે ન જાણે ક્યારે કોઈ પડોશી દુશ્મન હુમલો કરીને રાજ્ય છીનવી લે, ન જાણે ક્યારે કોઈ વિદ્રોહી વિદ્રોહનો બળવો કરી દે, ન જાણે ક્યારે કોઈ બેવફા રાજ્ય-અધિકારી અથવા સત્તા-લોલુપ સ્વજન-પરિજન ષડયંત્ર કરીને હત્યા કરી દે. વિલાસ-વૈભવ, ધન-ઐશ્વર્ય, સત્તા-પ્રભુતાનું સુખ ભોગવી શકવાનું તો દૂર, દરેક સમયે તેમના ઉપદ્રવની અને પોતાની સુરક્ષાની ચિંતા જ મન વ્યથિત કરતી રહેતી હતી. ન રાત્રે નિશ્ચિંત ઊંઘ, ન દિવસે નિશ્ચિંત ચેન. સુરક્ષા માટે જગ્યા જગ્યાએ વિશાળ સંખ્યામાં હાથી, ઘોડા, રથસવાર અને પગપાળા અંગરક્ષકો ગોઠવી રાખ્યા હતા, પરંતુ તેમ છતાં અંતર્મન હંમેશા ભયભીત, આશંકિત, અસુરક્ષિત જ રહેતું હતું.

બહારથી સુખી-સુરક્ષિત દેખાતા પણ અંદરથી હંમેશા અસુખી, અસુરક્ષિત રહેનાર રાજા પ્રસેનજિત ભગવાનના સંપર્કમાં આવ્યા. ધર્મના એટલે કે વિપશ્યનાના સંપર્કમાં આવ્યા.

કોશલદેશની રાજધાની શ્રાવસ્તીમાં શ્રેષ્ઠી સુદત્ત અનાથપિંડિકે વિપુલ ધનસંપદા વાપરીને જેતવનમાં એક વિશાળ સાધના-કેન્દ્ર નિર્માણ કરીને ભગવાનને સમર્પિત કર્યું હતું. ભગવાનની સાથે રહેવાવાળા હજારો ગૃહત્યાગી ભિક્ષુઓ તો ત્યાં રહીને વિપશ્યના સાધનાનો અભ્યાસ કરતા જ હતા, ઉપરાંત બહુ જ મોટી સંખ્યામાં ગૃહસ્થો પણ આ સાધનાકેન્દ્રમાં ભગવાનના સાન્નિધ્ય અને માર્ગદર્શનથી લાભાન્વિત થતા હતા. રાજા પ્રસેનજિતે પણ વિપશ્યનાનો અભ્યાસ કર્યો.

વિપશ્યના સાધના એટલે અંતર્મન-આત્મમુખ થવાની સાધના, સત્યમુખ થવાની સાધના. વિપશ્યી સાધક અંતર્મન થઈને પોતાની અંદરની સચ્ચાઈને જુએ છે, પોતાના મનની ગંદકીને - વિકારોને જુએ છે અને જોતો-જોતો પ્રજ્ઞામાં સ્થિત થઈને વિકારોથી વિમુક્ત થવા લાગે છે.

કોશલનરેશ પ્રસેનજિત પણ આ રીતે પોતાની અંદર પોતાના મનોવિકારોને જોવા લાગ્યા. અંતર્મનમાં સંઘરાયેલા ભયના વિકાર પ્રગટ થયા. જે વિકાર સામાન્ય રીતે સમસ્ત મનોજગતને અભિભૂત કરી લેતા હતા, તે જ વિકારોને હવે વિપશ્યનાના અભ્યાસ દ્વારા તટસ્થભાવથી જોવા લાગ્યા. જ્યારે વ્યક્તિ વિકારોથી અભિભૂત થઈ જાય છે, ત્યારે તેને સચ્ચાઈ વિકૃત થઈને જ દેખાય છે. પરંતુ અભિભૂત થયા વિના અસંગભાવથી જુએ છે તો સચ્ચાઈ જેવી છે, તેવી દેખાવા લાગે છે અને એ સમયે જે સંકલ્પ-વિકલ્પ હોય છે, તે સમ્યક્ જ હોય છે, '**योनिसो मनसिकार**' જ હોય છે. એટલે કે સાચી રીતે ચિંતન-મનન થાય છે અને આ સમ્યક્ દર્શન અને સમ્યક્ સંકલ્પ દ્વારા જે જ્ઞાન ઉદ્‌ભવે છે, તે પણ સમ્યક્ હોય છે, કલ્યાણકારી હોય છે.

અનાથપિંડિકના જેતવન-વિહારમાં કોઈ એકાંત શૂન્યાગાર એટલે કે ધ્યાનકુટીમાં વિપશ્યના ભાવના કરતા કોશલનરેશ પ્રસેનજિત આધ્યાત્મિક સત્યદર્શનમાં લીન થયા તો પોતાના મનમાં સમાયેલા અસુરક્ષાના ભયાવહ વિકારો પ્રત્યે સમ્યક્ ચિંતન-મનન કરવા લાગ્યા. સુરક્ષા-અસુરક્ષાની સાચી વાત સમજમાં આવવા લાગી.

કોણ સુરક્ષિત છે? કોણ અરક્ષિત છે? હાથી, ઘોડા, રથસવારો અને પગપાળા અંગરક્ષકો હોવા છતાં પણ કોઈ મનુષ્ય ત્યાં સુધી સુરક્ષિત નથી, જ્યાં સુધી તે કાયા, વાણી અને ચિત્તના દુરાચારથી વિરત નથી થઈ જતો. અંગરક્ષકો વડે સુરક્ષા તો બહાર-બહારથી છે અને એ પણ કેટલી અવિશ્વસનીય પરંતુ અધ્યાત્મની સુરક્ષા એટલે કે અંદરની સુરક્ષા તો આચરણ સુધરવાથી થાય છે. તે જ છે અત્યંત સુદૃઢ સુરક્ષા. શરીર અને વાણીનાં દુરાચરણ મનના મેલનું જ દુષ્પરિણામ છે. મનનું દુરાચરણ તો સ્પષ્ટ રીતે મનનો મેલ જ છે. શરીર, વાણી અને મનનું દુરાચરણ કરનારી વ્યક્તિ મનને મેલું કરે છે; અને જ્યારે જ્યારે મેલું કરે છે, ત્યારે ત્યારે કુદરતના કાનૂન દ્વારા તત્કાલ દંડિત થાય છે અને ભવિષ્યમાં પણ આ દંડ વિધાનનો શિકાર બને છે, આંતરિક સુખ-શાંતિ ખોઈ બેસે છે, આકુળ-વ્યાકુળ થાય છે, દુઃખી-બેચેન થાય છે. પણ જો આચરણ સુધારી લે છે તો આ દંડથી બચી જાય છે, સાચા અર્થમાં સુખી-સુરક્ષિત થઈ જાય છે. આથી અસલી સુખ, અસલી સુરક્ષા તો આચરણ સુધારવામાં જ રહેલાં છે. એકાંત ધ્યાન કર્યા બાદ જ્યારે તેમણે પોતાના મનમાં ઊઠેલા આ સમ્યક્ સંકલ્પની વાત ભગવાન સામે પ્રગટ કરી તો તેમના કથનનું અનુમોદન કરતાં ભગવાને આ ધર્મગાથા કહી:

**कायेन संवरो साधु, साधु वाचाय संवरो ।**

**मनसा संवरो साधु, साधु सब्बत्थ संवरो ।**

**सब्बत्थ संवुतो लज्जी, रक्खितोति पवुच्चतीति ॥**

- કાયાનો સંયમ સારો છે, સારો છે વાણીનો સંયમ, મનનો સંયમ સારો છે, સારો છે સર્વનો સંયમ. જે લજ્જાવાન વ્યક્તિ બધા પ્રકારથી સંયમશીલ છે, તેને જ સુરક્ષિત કહેવાય છે.

લજ્જાવાન તે છે, જેને કાયા, વાણી, ચિત્તના દુરાચરણ કરતાં લજ્જા આવે છે અને પરિણામસ્વરૂપ તેમનાથી બચે છે. જે દુરાચરણથી બચે છે, તે સદાચરણ જ કરે છે. સાચેસાચ સદાચારી સદા સુખી છે, સદા સુરક્ષિત છે.

કોઈ વ્યક્તિ ધન-સંપત્તિ સંગ્રહ કરીને તેમાં આસક્ત થાય છે ત્યારે વિચારે છે કે આના સહારે મારું ભવિષ્ય સુરક્ષિત રહેશે. અનાગતકાળ (ભવિષ્ય)માં મને કોઈ કષ્ટ નહીં પડે. કોઈ વ્યક્તિ પુત્ર-કલત્ર, બંધુ-બાંધવ પ્રાપ્ત કરીને જ્યારે આસક્ત થાય છે ત્યારે વિચારે છે કે આમના સહારે મારું અનિષ્ટ નહીં થાય. સંકટમાં ભાઈ શરણ આપશે, પુત્ર રક્ષા કરશે. પરંતુ જ્યારે દિવસો બદલાય છે ત્યારે તે પોતાને અસહાય અનુભવે છે. ત્યારે ના તો સંગ્રહિત ધન કામમાં આવે છે, ના તો પુત્ર-કલત્ર, ના બંધુ-બાંધવ રક્ષા કરી શકે છે. પોતાના કર્મ-સંસ્કારોનાં દુઃખદ પ્રતિફળ પોતાને જ ભોગવવાં પડે છે. લેશમાત્ર સુખી નથી રહી શકતી.

એક મનુષ્ય ગૃહત્યાગ કરીને અથવા ગૃહવાસી રહીને ધર્મપૂર્વક પરિવાર-પોષણ કરતો-રહી, શીલનું પાલન કરે છે, સમાધિનો અભ્યાસ કરે છે, પ્રજ્ઞામાં સ્થિત થાય છે, વિપશ્યના સાધના દ્વારા લોભ, દ્વેષ, અને મોહનો સંવર કરે છે અને આ રીતે ધર્મસંગ્રહ કરે છે, ધર્મના શરણે જાય છે તેના દિવસો પણ ક્યારેક પલટાય છે. પૂર્વકાળનાં કોઈક દૂષિત કર્મ-સંસ્કારોનાં દુઃખદ પ્રતિફળ સામે આવે છે. ન ધન કામમાં આવે છે, ન ભાઈ સાથ આપે છે, ન પુત્ર રક્ષા કરે છે, પરંતુ સંગ્રહ કરેલો ધર્મ સહાયક બને છે. ધારણ કરેલો ધર્મ તેનો આધાર બને છે. પાલન કરેલો ધર્મ તેનું પાલન કરે છે. **धम्मो हवे रक्खति धम्मचारिं** - આચરણ દ્વારા રક્ષેલો ધર્મ તેનું રક્ષણ કરે છે. ધર્મ ધૈર્યની સાથે સંકટનો સામનો કરે છે. તેના પરિણામે ખરાબ (માઠા) દિવસો પણ વધુ સમય નથી ટકી શકતા. ખોવાયેલું ધન પાછું આવે છે, રિસાઈ ગયેલા ભાઈ-બંધુ પુનઃ મળી જાય છે, મોઢું ફેરવી બેઠેલાં પુત્ર-કલત્ર ફરીથી આજ્ઞાકારી થઈ જાય છે. સારુંયે વાતાવરણ અનુકૂળ થઈ જાય છે. આવી વ્યક્તિ સાચા અર્થમાં સુખી સુરક્ષિત રહે છે - ઈહ-લોકમાં પણ, પરલોકમાં પણ અને બધા જ લોકોની પરે પણ.

આવો, લજ્જાવાન બનીએ, દુરાચરણ કરવામાં લજ્જા આવે, જેથી દુરાચરણથી વિરત રહી જઈ શકીએ. પરિણામે સદાચરણમાં પુષ્ટ થઈએ અને આ રીતે ધર્મ ધારણ કરવાના અભ્યાસ દ્વારા ધીમે ધીમે સાચા અર્થમાં સુખી અને સુરક્ષિત થવાના પથ પર આગળ વધીએ !

**-'જાગે અંતર્બોધ' પુસ્તકમાંથી સાભાર**

## વસ્ત્રભૂષણની પોટલી

ભગવાન ગૌતમ બુદ્ધે સમ્યક્ સંબોધિ પ્રાપ્ત કર્યા પછી પ્રથમ વર્ષાવાસ ઋષિપત્તન મૃગદાયમાં કર્યો. ત્યાં જ સાઈઠ સાધકોને અરહંત અવસ્થા સુધીની સાધના કરાવ્યા પછી તેઓને બહુજન હિતસુખ માટે જુદીજુદી દિશાઓમાં મોકલ્યા. પોતે પણ પૂર્વ તરફ ચાલી નીકળ્યા. ગયાના કાશ્યપ બંધુઓને મિથ્યા કર્મકાંડોથી છોડાવી મુક્તિદાયક સાધના શીખવી. અને પહેલાં આપેલું પોતાનું વચન પાળવા, મગધ નરેશને ધર્મ શીખવવા રાજગૃહ ગયા. મહારાજ બિંબિસાર શુદ્ધ ધર્મના સાત્વિક માર્ગથી પ્રભાવિત થઈને ભગવાનના અનુયાયી બની ગયા. મહારાજ શુદ્ધોદનને પોતાના પુત્રની અમૂલ્ય ઉપલબ્ધિ અને સફળતાના સમાચાર મળ્યા તો તે ભાવવિભોર થઈ ગયા. તેમણે પુત્રને કપિલવસ્તુ આવવાનું આમંત્રણ આપ્યું. ભગવાન ઘણી મોટી સંખ્યામાં ભિક્ષુઓને સાથે લઈ લોક-કલ્યાણના હિતથી કપિલવસ્તુ ગયા. કપિલવસ્તુના શાકયવંશીઓ ભગવાનના ઉપદેશથી અત્યંત પ્રભાવિત થયા. ખૂબ મોટી સંખ્યામાં લોકો સદ્ધર્મના માર્ગે ચડયા. ગૃહસ્થ જીવનકાળનો નાનો ભાઈ રાજકુમાર નંદ પ્રવ્રજિત થયો. પુત્ર રાહુલ પણ પ્રવ્રજિત થયો

થોડા દિવસો પછી ભગવાને શાકયદેશ છોડી બાજુના મલ્લદેશ તરફ પ્રયાણ કર્યું. મલ્લોના અનૂપિયા નામના ગામમાં થોડા દિવસો રોકાયા. ભગવાનના ગયા પછી પણ કપિલવસ્તુમાં એમના ધર્મોપદેશની બહુ ચર્ચા થતી રહેતી હતી. લોકોમાં સાધના પ્રત્યે ધર્મભાવ જાગતો રહેતો હતો. અનેક શાકય રાજકુમારો ઘરબાર છોડીને ભિક્ષુ બની સાધના કરવા ભગવાન સાથે ગયા હતા. જે બાકી હતા એમનામાં પણ સદ્ધર્મ પ્રત્યે રુચિ જાગવા લાગી હતી. એમાંના છ રાજવંશીઓએ મલ્લ દેશ જઈને ભગવાનના શરણે જવાનો નિશ્ચય કર્યો. શાકય રાજા ભદ્દિય, રાજકુમાર અનિરુદ્ધ, આનંદ, ભગુ, કિંબિલ અને દેવદત્ત, રાજસેવક ઉપાલિને સાથે લઈને અનૂપિયા તરફ ચાલી નીકળ્યા. ઉપાલિ રાજકુટુંબનો નાયી હતો. લાંબા સમયથી રાજકુટુંબની સેવા કરતો હતો. ગૃહસ્થ રાજકુમાર સિદ્ધાર્થ ગૌતમના પણ વાળ કાપતો અને તેને સજાવતો-શણગારતો હતો. રસ્તામાં સેવા-ચાકરી માટે રાજકુમારોએ ઉપાલિને સાથે લઈ લીધો હતો.

પોતાના રાજ્યની હદ પૂરી કરી મલ્લ રાજ્યની સીમામાં પ્રવેશતાં જ છએ રાજકુમારોએ પોતપોતાનાં કીમતી વસ્ત્રાભૂષણો ઉતારી નાખ્યાં અને ગૃહત્યાગીને અનુરૂપ સાદાં વસ્ત્રો ધારણ કરી લીધાં. એ મૂલ્યવાન વસ્ત્રાભૂષણોની એક પોટલી બાંધી અને નાયી ઉપાલિને આપતા કહ્યું, ‘‘ભાઈ, આ તારા માટે છે. જીવન-નિર્વાહમાં કામ આવશે. આ લઈને હવે તું પાછો જા. અમે ભગવાન ગૌતમ બુદ્ધ પાસે પ્રવ્રજિત થવા જઈ રહ્યા છીએ.’’

ઉપાલિ તો અવાક્ બની ગયો. આટલાં બધાં આભૂષણ તેના પોતાના જ નહીં, પરંતુ આગળની એક-બે પેઢીઓના ભરણ-પોષણ માટે પર્યાપ્ત હતાં. ખુશખુશાલ ઉપાલિ રાજકુમારોને નમસ્કાર કરી પાછો ફર્યો. થોડું ચાલ્યા પછી એને વિચાર આવ્યો - જ્યારે ઘરે પહોંચીશ ત્યારે લોકોને શંકા થશે કે કયાંક રાજકુમારોની હત્યા કરાવીને મેં આ માલમત્તાને તો હાથ નહીં કરી હોય શાકયવંશી ઘણા ક્રોધી સ્વભાવના હોય છે. આવી શંકાથી મને ફાંસી પણ આપી દે. મારું માથું પણ વઢાવી શકે. ના ભાઈ ના, આવુ ધન મારે ન જોઈએ. હું મારી રોજની મહેનત-મજૂરીથી જ પેટ ભરીશ. આ વસ્ત્રાભૂષણ મારા કામનાં નથી. તે પોટલી રસ્તા પરના એક ઝાડની ડાળી પર લટકાવી દીધી અને તેના ઉપર એક સૂચના લખીને ચોંટાડી દીધી : ‘‘આ પોટલી જે વટેમાર્ગુને મળે તે તેની છે. તે નિઃસંકોચ તેનો ઉપયોગ કરે’’

આટલી કીમતી પોટલી જેને મળશે, તે ન્યાલ થઈ જશે; પોતાને નસીબદાર માનશે - આમ પ્રમોદિત ચિત્તે ડાળ પર લટકાવેલી એ પોટલીને જોઈ રહેતાં ઉપાલિના મનમાં એક વાત વીજળીની જેમ ચમકી : ‘‘આ સુખ-સંપત્તિ સંપન્ન રાજકુમારો માત્ર આ આભૂષણો જ નહીં, પરંતુ રાજકુટુંબના સઘળા એશ-આરામનો, સઘળા વૈભવ-વિલાસનો ત્યાગ કરીને ભિક્ષુનું જીવન જીવવા જઈ રહયા છે. જરૂર એ અકિંચન જીવનમાં રાજવૈભવથી કંઈક અધિક સુખ હશે. ભગવાન બુદ્ધ જેટલા દિવસો રાજનગરી કપિલવસ્તુમાં રહયા, ત્યારે તેમની ખૂબ જ કીર્તિ-પ્રશંસા સાંભળેલી. ચોકકસ એમનો માર્ગ પરમ સુખનો માર્ગ છે. મારે પણ ઘરબાર છોડીને એ જ માર્ગનું અનુસરણ કરવું જોઈએ.’’

રાજપુત્રોએ ત્યજેલી એ પોટલીએ ઉપાલિ નાયીના મનમાં તીવ્ર ધર્મ-સંવેગ જગાડયો. તે તરત જ ઝડપભેર પાછો આવ્યો અને એ છએ રાજકુમારોને આવીને મળ્યો. ‘‘હું પણ તમારી સાથે ભગવાન બુદ્ધનું શરણ ગ્રહણ કરીશ. એમના અનુશાસનમાં ભિક્ષુનું જીવન જીવીશ અને મનુષ્યજીવન સાર્થક કરીશ.’’ રાજપુત્રો ખુશ થયા. ઉપાલિને સાથે લઈ લીધો.

સાતે જણ અનૂપિયાના મલ્લો દ્વારા ભગવાનને અર્પિત વિહારમાં પહોંચ્યા,

જ્યાં ભગવાન ભિક્ષુઓની સાથે રોકાયા હતા. સૌએ ભગવાનને નમન કરી પ્રવ્રજ્યાની માંગણી કરી. જ્યારે ભગવાન તેઓને પ્રવજ્યા આપવા તૈયાર થયા ત્યારે છએ રાજકુમારોએ કહ્યું, ''ભગવાન, પહેલાં ઉપાલિ નાયીને પ્રવજ્યા આપો, ત્યાર પછી અમને. આમ કરવાથી પ્રવ્રજિત જીવનમાં એ અમારાથી જ્યેષ્ઠ ગણાશે, પૂજ્ય ગણાશે. ભિક્ષુ નિયમો અનુસાર રોજ અમારે એને નમસ્કાર કરવા પડશે. એક વખતના અમારા સેવક નાયીને નમીને વંદન કરીશું, તો જ અમારો અહંકાર તૂટશે. ભગવાન ! રાજકુમારોને ખૂબ જ અહંકાર હોય છે અને એમાંય શાક્યવંશી રાજકુમારોની તો વાત જ શું કરવી! બધા જ વર્ણોમાં ક્ષત્રિય પરમ શ્રેષ્ઠ અને ક્ષત્રિયોમાં પણ અમે શુદ્ધરક્ત ઈક્ષ્વાકુવંશીય શાક્ય ક્ષત્રિય પરમ શ્રેષ્ઠ. આ અભિમાન કેમ તૂટે ? અને એના તૂટ્યા વગર શુદ્ધ ધર્મ ક્યાં ! મુક્તિ ક્યાં!''

ભગવાનને સ્મિત કરીને તેમની વાત માની લીધી. આ શાક્યવંશી રાજકુમારોના ગૃહત્યાગી જીવનમાં ભિક્ષુ ઉપાલિ અગ્ર રહ્યા. સમય જતાં ભદંત ઉપાલિ ભિક્ષુ નિયમોનાં વિનય-ક્ષેત્રોમાં બધા જ ભિક્ષુઓના અગ્ર બન્યા.

ઉપસંપદા પ્રાપ્ત કર્યા પછી એકવાર ઉપાલિએ ભગવાન પાસેથી સાધનાની વિધિ શીખીને પ્રાર્થના કરી, '' ભંતે ભગવન ! મને અરણ્યવાસની આજ્ઞા આપો.'' ભગવાને કહ્યું, '' અરણ્યમાં જઈને સાધના કરવાથી તારું એકપક્ષીય જ્ઞાન વધશે, પરંતુ અહીંયા વિહારમાં મારી પાસે રહીને સાધના કરવાથી ઉભયપક્ષનું જ્ઞાન વધશે. તું ગ્રંથ નિષ્ણાત અને વિપશ્યના નિષ્ણાત એટલે કે પરિયત્તિ અને પટિપત્તિ એટલે કે ધર્મના સૈદ્ધાંતિક પક્ષ અને વ્યાવહારિક પક્ષ બંનેમાં નિપુણ બનીશ, પરિપૂર્ણ થઈ જઈશ. માટે અરણ્યમાં ન જતાં વિહારમાં જ રહો.

ભિક્ષુ ઉપાલિએ ભગવાનની વાત માની. વિહારમાં જ એમના સાન્નિધ્યમાં રહીને વિપશ્યના કરતાં કરતાં અરહંત અવસ્થા પ્રાપ્ત કરી. ભગવાનની પાસે રહેતાં ભિક્ષુઓ માટે બનાવવામાં આવેલા વિનય-શીલ એટલે કે અનુશાસનના નિયમોનો પૂરેપૂરો અભ્યાસ કર્યો અને એનું પાલન કર્યું. ઉપાલિ ભગવાનના પ્રમુખ શિષ્યોમાંના એક બન્યા.

ઉપાલિની ધર્મપ્રાપ્તિથી સંતોષ પામી ભગવાને વિનયધર ભિક્ષુઓમાં સર્વશ્રેષ્ઠ જાહેર કર્યો. અગ્રની ઉપાધિથી વિભૂષિત કર્યો. જન્મથી નથી કોઈ ઉંચી જાતના હોતા કે નથી કોઈ નીચી જાતના. ઉંચો કે નીચો, મોટો કે નાનો કર્મથી જ થાય છે. આ વાત માત્ર સૈદ્ધાંતિક ભૂમિકા પર સ્વીકારવી સહેલી છે, પણ એને વ્યવહારમાં ઉતારે છે. જન્મથી શૂદ્ર મનાતો ઉપાલિ કર્મથી બ્રાહ્મણ બની ગયો; જ્યેષ્ઠ શ્રેષ્ઠ બની ગયો; પાવન પૂજ્ય બની ગયો.

કોઈ એક હર્ષ-ઉલ્લાસના સમયે મહાસ્થવિર ઉપાલિએ આ હર્ષોદ્ગાર કહ્યા :

**सद्धाय अभिनिक्खम्म, नवपब्बजितो नवो ।**

**मित्ते भजेय्य कल्याणे, सुद्धाजीवे अतन्दिते ।।**

શ્રદ્ધાપૂર્વક ગૃહત્યાગ કરી જે યુવાન પ્રવ્રજિત થયો છે, તેણે એ જોવું જોઈએ કે તેણે એવા કલ્યાણમિત્રની સંગતિ કરવી જોઈએ, જે આળસરહિત અને શુદ્ધ આજીવિકાયુક્ત જીવન જીવતો હોય.

**सद्धाय अभिनिक्खम्म, नवपब्बजितो नवो ।**

**सङ्स्मिं विहरं भिक्खु, सिक्खेथ विनयं बुधो ।।**

શ્રદ્ધાપૂર્વક ગૃહત્યાગ કરી જે યુવાન પ્રવ્રજિત થયો છે તે સમજદાર ભિક્ષુ સંઘમાં રહીને વિનયના નિયમોને શીખવા જોઈએ.

**सद्धाय अभिनिक्खम्म, नवपब्बजितो नवो ।**

**कप्पाकप्पेसु कुसलो, चरेच्य अपुरक्खतो ।।**

શ્રદ્ધાપૂર્વક ગૃહત્યાગ કરી જે યુવાન પ્રવ્રજિત થયો છે, તેણે ઉચિત-અનુચિતને સમજીને, આચરણમાં ઉતારીને ધર્મનું પાલન કરવું જોઈએ.

મહાસ્થવિર ઉપાલિ પોતે યુવાવસ્થામાં શ્રદ્ધાપૂર્વક ગૃહત્યાગ કરી ભગવાન બુદ્ધ જેવા કલ્યાણમિત્રના સાન્નિધ્યમાં રહ્યા. સંઘારામમાં રહીને ભિક્ષુ-નિયમોને બરાબર શીખ્યા અને પછી નિષ્ઠાપૂર્વક ધર્મ ધારણ કરી મુક્ત થયા. આ હર્ષોદ્ગાર દ્વારા અરહંત ઉપાલિ આ જ શિખામણ બીજાઓને પણ આપે છે.

રાજકુમારોએ ત્યજેલી વસ્ત્રાભૂષણની પોટલી નાયી ઉપાલિ માટે ધર્મ ધારણ કરવાની પ્રેરણા બની. વિમુક્ત મહાસ્થવિર ઉપાલિની ઉલ્લાસભરી વાણી અનેકો માટે પ્રેરણાનું કારણ બને એમાં જ મંગલ કલ્યાણ રહેલું છે.

ભિક્ષુ ઉપાલિએ કોઈ એક પ્રસંગે ભગવાનના મુખેથી સંક્ષેપમાં ધર્મની એવી કલ્યાણકારી વ્યાખ્યા સાંભળી, જે બધા મુમુક્ષુઓ માટે હંમેશાં માર્ગદર્શિકા બની રહેશે :

ભગવાને કહ્યું, ''ઉપાલિ, જે ધર્મ નથી સંપૂર્ણ વૈરાગ્ય માટે, નથી વિરક્તિ માટે; નથી વિરોધ માટે, નથી ઉપશમન માટે; નથી અભિજ્ઞા માટે, નથી સંબોધિ માટે અને નથી નિર્વાણ માટે, એના વિશે ખૂબ સારી રીતે સમજી લેવું જોઈએ કે ન એ ખરેખર સાચો ધર્મ છે, ન વિનય છે અને ન તો શાસ્તાનું અનુશાસન છે.''

''ખરા અર્થમાં ધર્મ તો તે જ હોઈ શકે, સાધકો માટે પાલન કરવા યોગ્ય વિનય તો તે જ હોઈ શકે, કોઈપણ બુદ્ધ જેવા શાસ્તાનું અનુશાસન તો તે જ હોઈ શકે, જેના વિશે સ્વયં અનુભવથી જાણી લેવામાં આવે કે એ સમગ્ર લોકીય અનુભૂતિઓ પ્રત્યે વૈરાગ્ય પેદા કરવામાં સહાયક છે. એ બધા જ દુઃખોનો વિરોધ કરવામાં સહાયક છે. આ બધા જ વિકારોના શમન કરવામાં સહાયક છે. એ એવા અભિજ્ઞાનને માટે સહાયક છે, જેને જગાવીને સાધક પોતાની અંદર બધા આસ્રવોના નિર્મૂલનની અવસ્થાનું સ્વયં દર્શન કરી લે છે. એ સ્વયં પોતાની સંબોધિ જગાવવામાં સહાયક છે. એ નિત્ય, શાશ્વત, ધ્રુવ નિર્વાણનો સાક્ષાત્કાર કરાવવામાં સહાયક છે, તો જ ધર્મ છે, અન્યથા ધર્મ નથી. શુદ્ધ ધર્મને માપવાની આ એક જ કસોટી છે.''

**- કલ્યાણમિત્ર સત્ય નારાયણ ગોયન્કા**

**-'જાગે પાવન પ્રેરણા' પુસ્તકમાંથી સાભાર**

## સમૂહ સાધના

**દિવ ગ્રૂપ સીટીંગ**

**સમય** : સવારે ૭-૦૦ થી ૮-૦૦ કલાક

**સ્થળ** : સી.ઓ.પી. હાઉસ, જૂની સરકારી હોસ્પીટલ સામે, જલંદાર બીચ રોડ, દીવ.

**સંપર્ક** : મો.: ૭૬૨૩૯૦૨૩૫૬, ૯૫૩૭૮૭૧૦૦૭

**ઉના સમૂહ સાધના**

**સમય** : સવારે ૭-૦૦ થી ૮-૦૦ કલાક

**સ્થળ** : તળાવ પાસે, ઉના.

**સંપર્ક** : મો.: ૯૫૩૮૭૧૦૦૭, ૯૬૩૮૬૭૧૧૭૦

## સૌરાષ્ટ્રના જૂના વિપશ્યી સાધકોનું સંમેલન ધમ્મકોટ - રાજકોટ ખાતે

**તા. ૨૨-શનિ, ૨૩-રવિ, સપ્ટેમ્બર - ૨૦૧૮**

પ્રતિવર્ષની માફક આ વરસે પણ જૂના સાધકોનું સંમેલન ૨૨,૨૩ સપ્ટેમ્બર, ૨૦૧૮ ના રોજ યોજાવા જઈ રહ્યું છે. આપની ડાયરીમાં દિવસો નોંધી રાખશો.

# ગુજરાત વિપશ્યના કેન્દ્ર - ૨૦૧૮-૧૯ શિબિરોની માહિતી

## ધમ્મકોટ

C/o. ભાભા ડાઈનિંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ–૧.
રજિસ્ટ્રેશન – સમય ૧૦ થી ૧ અને ૪:૩૦ થી ૭
**સંપર્ક ::**
Ph.: 0281-2233666,
M : 78 78 72 72 23,
Ph.: 0281-2924924,
M : 93279 23540,
E-mail : dhammakot@gmail.com

01-08 to 12-08
14-08 to 25-08
29-08 to 09-09
26-09 to 07-10
10-10 to 21-10
24-10 to 04-11
07-11 to 18-11
21-11 to 02-12
05-12 to 16-12
19-12 to 30-12

**ફક્ત જૂના સાધકો માટે**

**STP**
12-09 to 20-9-18

**10 Day Spl.**
10-09 to 21-09-18

## ધમ્મ અંબિકા

નવસારી–બિલિમોરા થી ૧૫ કિ.મી., N.H. નં.–૮ બોરિયાચ ટોલનાકાથી 2km પશ્ચિમે, **ગામ :** વગલવાડ, તા.: ગણદેવી. **સંપર્ક :**
Mo : 78784 60961,
Mo : 95865 82660,
94281 60714,
98250 44536. E-mail : info@ambika.dhamma.org

28-07 to 08-08-18
28-08 to 08-09-18
09-09 to 20-09-18
25-09 to 06-10-18
07-10 to 18-10-18

**ફક્ત જૂના સાધકો માટે**

**STP**
16-08 to 24-08-18
13-12 to 21-12-18

**10 Day Spl.**
14-08 to 25-08-18
11-12 to 22-12-18

**3 DAYS**
09-08 to 12-08-18
20-09 to 23-09-18

## ધમ્મસિંધુ-બાડા

**સીટી સંપર્ક :**
C/o. યુનિક આર્કીટિક્ટ, ૨૦૪, આશીર્વાદ કોમ્પલેક્ષ, લાકડા બજાર, માંડવી, કચ્છ–૩૭૦ ૪૬૫
**સંપર્ક :**
Ph.: 02834-223575,
M : 99745 75660
E-mail : info@sindhu.dhamma.org

28-07 to 08-08-18
09-08 to 20-08-18
21-08 to 01-09-18
04-09 to 15-09-18

**ફક્ત જૂના સાધકો માટે**

**STP**
18-09 to 26-09-18
29-12 to 01-01-19

**10 Day Spl.**
04-09 to 15-09-18

**45 DAYS**
27-10 to 12-12-18

**30 DAYS**
29-12 to 29-01-19

## ધમ્મપીઠ

ગુર્જર વિપશ્યના કેન્દ્ર–ધમ્મપીઠ અમદાવાદ
રનોડા તા. ધોળકા, જિ. અમદાવાદ – ૩૮૦ ૮૧૦
**સંપર્ક :**
Ph.: 02714-294690,
M : 94264 19397
E-mail : info@pitha.dhamma.org

01-08 to 12-08-18
15-08 to 26-08-18
29-08 to 09-09-18
12-09 to 23-09-18
26-09 to 07-10-18
19-10 to 30-10-18

## ધર્મજ

હેમંતભાઈ પટેલ સંપર્ક :
Ph.: 02697- 245460, 245302
M : 94265 00765.
દિપકભાઈ સંપર્ક : M.94289 00794
Time 10.00am to 5.30 pm
E-mail : vipassana.dharmaj@gmail.Com

11-08 to 22-08-18
3days-21-9to24-9-18
17-11 to 28-11-18

## ધમ્મ દિવાકર

C/o. ઉપેન્દ્રકુમાર પટેલ, ૭–અપના બજાર, વિમલ સુપર માર્કેટ, બી.કે. રોડ, મહેસાણા. (ઉ.ગુ.)–૩૮૪ ૦૦૨.
**સંપર્ક :**
Ph.: 02762-272800, 254634, 252345
M : 94292 33000.
E-mail : info@divakara.dhamma.org

12-09 to 23-09-18
26-09 to 07-10-18
10-10 to 21-10-18
24-10 to 04-11-18

**Diwali**
**10-11 to 21-11-18**

05-12 to 16-12-18
19-12 to 30-12-18

**ફક્ત જૂના સાધકો માટે**

**20 DAYS**
02-08 to 23-08-18

**30 DAYS**
02-08 to 02-09-18

## ધમ્મપાલિ

ગામ: ટોડી, સોનગઢ–પાલીતાણા રોડ, જી. ભાવનગર.
**સંપર્ક :: ધમ્મપાલી કેન્દ્ર :**
M : 7878103636
M : 97149 11913
M : 97149 10913
**સિટી ઓફીસ :**
Ph. 0278 - 2521066,
M : 88 66 71 3636
E-mail : dhammapali15@gmail.com

01-08 to 12-08
14-08 to 25-08
02-09 to 13-09
26-09 to 07-10
10-10 to 21-10
31-10 to 11-11
14-11 to 25-11

**ફક્ત જૂના સાધકો માટે**

**3 DAYS**
20-09 to 23-09-18

**1 DAY**
12-08-2018
09-09-2018
14-10-2018

**શિબિરમાં આવનાર પ્રત્યેક વ્યક્તિએ પાસપોર્ટ સાઈઝ ફોટો અને ફોટો આઈડી (ફોટો ઓળખપત્ર) લાવવું ફરજીયાત છે.**

## દોહા ધરમના

કારણ તેરે દુ:ખ કે, ભીતર હી હૈ જાન ।
કયા તું ઢૂંઢે બાવરા ! બહિર્મુખી નાદાન ॥
બિન જડ ઉખડે ફૂલતી, ફલતી વિષ કી બેલ ।
બિના અવિદ્યા કે મિટે, રહે દુ:ખ હી ઝેલ ॥
ન જાને જો સ્વયં કો, પર કા કરે બખાન ।
જ્ઞાન બોઝ સિર પર ધરે, મનુજ બડા અનજાન ॥

## દોહા ધરમના

નિત્ય માન ઇસ જગત કો, જો ખોજે સુખ ભોગ ।
ઉસ મૂરખ કો સુખ કહાં ? દુ:ખ કા હી સંયોગ ॥
ભીતર અક્ષય નિધિ ભરી, મૂઢ દેખ ના પાય ।
કસ્તૂરી કે મૃગ સદશ, બાહર હી ભટકાય ॥
નન્હી સી તૃષ્ણા જગી, બની ગહન આસક્તિ ।
જબ તક મન આસક્ત હૈ, કહાં દુ:ખો સે મુક્તિ ?

**સોલંકી મિકેનિક વર્કસ**
૪૦/W ભક્તિનગર જી.આઈ.ડી.સી., રાજકોટ–૨.
ફોન : ૦૨૮૧ – ૨૩૬૨૧૮૯ ની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા,** મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. **તંત્રી : ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ચેક અથવા રોકડેથી મોકલી શકાશે. રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૧.

**વિપશ્યના 27 જુલાઈ 2018** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

'વિપશ્યના' Reg-No. GUJGUJ /2000/3013. Postal Reg. No. RAJKOT/450/2018-20
(Renewed upto 31.12.2020)

ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-

**Weighs less than 30 gms**
Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
**Write PIN CODE for Correct Delivery**

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
ભાભા ડાઈનીંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ – 360 001.
સિટી ઓફિસ : ફોન – (0281) 2233666 / મો : 7878 7272 23
**E-mail :** info@kota.dhamma.org / **Web site :** www.kota.dhamma.org